# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

**Shri Govind Guru University**
**(Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો-પંચમહાલ પિન કોડ-૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist.-Panchmahals, Pin Code-389001


નં.એસજીજીયુ/વિ.ક./૨૦૧૭/૬૪૬૮ તા. ૩૦/૦૭/૨૦૧૭

<u>સમયમર્યાદા અગત્યનું</u>

પ્રતિ,

આચાર્યશ્રી તમામ

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો

વિષય :- ગુજરાત ક્વીઝ-૨૦૧૭ નું આયોજન કરવા બાબત.

સંદર્ભ : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા. ૨૭/૦૭/૨૦૧૭ના પત્ર મઉમશબ/૨૦૧૭

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા ઓગસ્ટ/સપ્ટેમ્બર-૨૦૧૭ માસ દરમિયાન ગુજરાત ક્વીઝ -૨૦૧૭ યોજવાનો નિર્ણય કરેલ છે. જેમાં આપણા ગુજરાત રાજ્ય પ્રત્યેની નિષ્ઠા, નિસ્બત અને ગૌરવનો અનોખો માપદંડ લઈને વિદ્યાર્થીઓમાં જાણકારી વધે, ગુજરાત વિશેના જ્ઞાનમાં વધારો થાય, રાજ્ય પ્રત્યે આદર વધે અને તંદુરસ્ત સ્પર્ધાનું વાતાવરણ બને તે હેતુથી વિશ્વ સ્તરની ગુજરાત કેન્દ્રિત ક્વીઝ કોમ્પીટીશન યોજવામાં આવશે.

આ સ્પર્ધાના ઉદ્દેશ નીચે મુજબ છે.

1. ગુજરાતની ઐતિહાસિક સાંસ્કૃતિક, સાહિત્યિક,ભૌગોલિક, ઔદ્યોગિક અને શૈક્ષણિક ઓળખ સમાન વિશેષતાઓનો સાચો ચિતાર આપી જ્ઞાનની ક્ષિતિજો વિકસાવવી.
2. ગુજરાત ના ગૌરવ સમાન વ્યક્તિ વિશેષો અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતી ગુજરાતી પ્રતિભાઓની ઓળખ દ્વારા આજના યુવાધનને પ્રેરણા પૂરી પડવી.
3. ગુજરાતની નવી પેઢીમાં ગુજરાત પ્રત્યેની નિષ્ઠા, નિસ્બત અને ગૌરવનો પુનઃ સંચાર કરવો.
4. સ્પર્ધાત્મક પરિક્ષા માટે સજ્જ અને સમક્ષ યુવાધનને પ્રોત્સાહન.
5. ગુજરાતની વિશેષતાઓ અને વારસાની સાચી સમજ આપતી અભૂતપૂર્વ અને આધારભૂત પ્રશ્નબેંકનું સર્જન.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**(Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો-પંચમહાલ પિન કોડ-૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist.-Panchmahals, Pin Code-389001

6. તંદુરસ્ત અને સાર્થક સ્પર્ધાનું વાતાવરણ સર્જવું.
7. શિક્ષણ જગત અને સમાજમાં જ્ઞાનના આદાન પ્રદાનને વેગ આપવો.
8. અવરિત ચાલતા ગુજરાત જ્ઞાનયજ્ઞમાં સૌ ગુજરાતીઓની સક્રિય ભાગીદારી મેળવવી.

આ સ્પર્ધા માટે કોલેજના પ્રથમથી અંતિમ વર્ષ સુધીના વિદ્યાર્થીઓ માટે નીચે મુજબના ત્રણ તબ્બકા રહેશે.

1. પ્રથમ તબ્બકો – કોલેજના સ્તરે (૧૫ ઓગસ્ટથી ૨૩ ઓગસ્ટની વચ્ચે.)
2. બીજો તબ્બકો - યુનિવર્સિટી સ્તરે (૧ સપ્ટેમ્બરથી ૧૦ સપ્ટેમ્બર )
3. ત્રીજો અને ફાઈનલ તબ્બકો – રાજ્ય સ્તરે (સપ્ટેમ્બરના અંતમાં )

આ સ્પર્ધા અંગેની પ્રશ્નોની યાદી પ્રશ્નબેંક પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી ની વેબસાઈટ,સર્વ શિક્ષા અભિયાન (SSA) ની વેબસાઈટ, નિયામકશ્રી શાળાઓની વેબસાઈટ, ગુજરાત રાજ્ય પથ્ય પુસ્તક મંડળની વેબસાઈટ, KCG ની વેબસાઈટ, નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણ, નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણની વેબસાઈટ,GCERT ની વેબસાઈટ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. જેથી ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રશ્નોની તૈયારી કરીને તેમના જ્ઞાનની ચકાસણી કરી શાળા,કોલેજ યુનિવર્સિટી કક્ષાએથી લઈ રાજ્ય સ્તરે પ્રોત્સાહન મળે.

ઉક્ત સ્પર્ધામાં મહત્તમ સંખ્યામાં આપની કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

સૂચનાઓ

1. કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ માટે રાજ્ય કક્ષાના નોડલ અધિકારી તરીકે નિયામકશ્રી ,ઉચ્ચશિક્ષણ રહશે.
2. દરેક નોડલ અધિકારીએ પોતાના વિભાગ ની જરૂરી માહિતી સંકલિત કરીને નિયામકશ્રી પાઠ્યપુસ્તક મંડળને આપવાની રહેશે.
3. કોલેજ કક્ષાએ એક પ્રાધ્યાપકને નોડલ અધિકારી તરીકે નીમવાના રહેશે.
4. યુનીવર્સીટી કક્ષાએ સંબંધીત યુનિવર્સિટીના રજીસ્ટ્રારએ નોડલ અધિકારી તરીકે કામગીરી કરવાની રહેશે.

5. દરેક કોલેજના વિદ્યાર્થીઓનું ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાનું રહેશે.
6. રજીસ્ટર થયેલ વિદ્યાર્થીઓ ઓનલાઈન આપેલ પ્રશ્ન બેંકનો અભ્યાસ કરી શકશે.

ગુજરાત ક્વિઝ -૨૦૧૭ :કોલેજોના સ્પર્ધકો માટે પ્રારંભિક માર્ગદર્શિકા

1. આપની કોલેજમાં નિયત કરેલી તારીખો દરમિયાન આ ક્વિઝ સ્પર્ધા યોજવાની રહેશે.
2. આપની કોલેજોના વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લે તે ઈચ્છનીય છે. આપની સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રોત્સાહન પૂરું પાડશો અને તે માટે કોઈએક શિક્ષક ને જવાબદારી સોપશો.
3. આપની સંસ્થામાં આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જે તે શિક્ષક્ને/અધ્યાપકને જવાબદારી સોપવામાં આવી હોય તેનુ રજીસ્ટ્રેશનwww.gujaratquiz.inવેબસાઈટ પર તા. ૦૫/૦૮/૨૦૧૭ થી ૦૮/૦૮/૨૦૧૭ દરમિયાન કરવાનું રહેશે.
4. કોલેજ કક્ષાએયોજાનારી ગુજરાત ક્વિઝ -૨૦૧૭ માટે તા. ૧૫/૦૮/૨૦૧૭ થી તા. ૨૩/૦૮/૨૦૧૭ સુધીનો સમય નક્કી કરવામાં આવ્યો છે. કોલેજોના દરેક વિધાર્થી / વિધાર્થીની આ સ્પર્ધામાં ભાગ લે તેવો સનિષ્ઠ પ્રયાસ કરવો. અને ભાગ લેનાર વિધાર્થી / વિધાર્થીનીનું રજીસ્ટ્રેશનgujarat.wwwquiz.in વેબસાઈટ પર
   તા. ૧૫/૦૮/૨૦૧૭ થી તા. ૩૦/૦૮/૨૦૧૭ દરમિયાન કરવું.
5. કોલેજોમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા અને આ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા વચ્ચે ટકાવારી મુજબ સૌથી ઓછો તફાવત ધરાવતી કોલેજોની વિશેષ નોધ લેવાની સાથે પ્રશંસાપત્ર પાઠવવામાં આવશે.
6. તા. ૦૮/૦૮/૨૦૧૭ થી તા. ૧૫/૦૮/૨૦૧૭ સુધીમાં દરેક કોલેજોમાં 'ગુજરાત ક્વીઝ-૨૦૧૭ પ્રવેશિકા' નિયત કરેલ નકલો સહિત 'ગુજરાત ક્વીઝ-૨૦૧૭ પ્રવેશિકા કીટ પહોચશે.
7. આ ક્વિઝ માં ભાગ લેવા માટે દરેક વિદ્યાર્થી પુસ્તક, કે ઓનલાઈન સ્વરૂપે ઉપલબ્ધ ગુજરાત ક્વિઝ-૨૦૧૭ પ્રવેશિકાનો આધાર રાખશે.
8. પ્રત્યેક કોલેજોમાંથી વર્ષવાર એકે લેખે ત્રણ વિદ્યાર્થી અને ત્રણ વિદ્યાર્થીનીએ યુનિવર્સિટી કક્ષાએ ભાગ લેવાનો રહેશે.

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો-પંચમહાલ પિન કોડ-૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist.-Panchmahals, Pin Code-389001


9. ક્વિઝનું ફોર્મેટ, ક્વિઝ ના પ્રશ્નો, મૂલ્યાંકનની પધ્ધતિ અને અંતે પસંદગીની પ્રક્રિયા અંગે આપને મળેલી ગુજરાત ક્વીઝ-૨૦૧૭ પ્રવેશિકા કીટ'અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવશે તેમજ gujarat.wwwquiz.in વેબસાઈટ પરથી પણ આ માર્ગદર્શન આપવામાં આવશે.
10. કોલેજો સ્પર્ધાના અંતે વિજેતા બનેલા જે-તે વિભાગના ત્રણ વિદ્યાર્થીઓ અને ત્રણ વિદ્યાર્થીનીઓનું રજીસ્ટ્રેશન gujarat.wwwquiz.in વેબસાઈટ પર સ્પર્ધા પૂર્ણ થવાના મહત્તમ બે દિવસમાં કરી લેવું. આ રજીસ્ટ્રેશન કરવા માટે ૨૫ ઓગસ્ટ છેલ્લી તારીખ ગણાશે.
11. યુનિવર્સિટી કક્ષાથી સ્પર્ધા માટેના સપૂર્ણ આયોજનની પ્રક્રિયા ૨૬ ઓગસ્ટ થી શરૂ થવાની હોઈ તમારી કોલેજનું પ્રતિનિધિત્વ કરનારા વિજેતા વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓના નામ તા. ૨૫/૦૮/૨૦૧૭ પછી સ્વીકારવામાં આવશે નહિ, તેની નોધ લેવી.
12. ઓનલાઈન એન્ટ્રી કરવામાં મુશ્કેલી પડે તેવા સંજોગોમાં gujarat.wwwquiz.in પર ઉપલબ્ધ સૂચનાનું પાલન કરવાનું રહેશે.
13. ગુજરાત ક્વીઝ-૨૦૧૭ પ્રારંભિક કીટમાં આપવામાં આવેલા કોલેજ સ્પર્ધાના વિજેતાઓ માટેના સર્ટીફીકેટ જે-તે વિધાર્થી ને કોલેજના આચાર્યશ્રીની સહી સાથે સમૂહ પ્રાથના કે સૌ વિધાર્થીઓ હાજર હોય તેવા કાર્યક્રમ સાથે સાંકળીને એનાયત કરવા. જેથી વિજેતા વિધાર્થીઓને ગૌરવની લાગણી થાય અને અન્ય વિદ્યાર્થીઓને પ્રેરણા મળે.
14. પોતાની કોલેજના પસંદગી પામેલા વિધાર્થી- વિદ્યાર્થીનીને યુનિવર્સિટી કક્ષાનિ સ્પર્ધા માટે તૈયાર કરવા એક શિક્ષક્ને જવાબદારી સોપવી.
15. જે વિદ્યાર્થી/ વિદ્યાર્થીની યુનિવર્સિટી કક્ષાના / રાજ્ય કક્ષાના વિજેતા બનશે તેમના માર્ગદર્શક શિક્ષકની વિશેષ નોધ લેવાની સાથે યોગ્ય સન્માન કરવામાં આવશે.
16. યુનીવર્સીટી કક્ષાનિ સ્પર્ધાની તૈયારી માટે દરેક સ્પર્ધકે 'ગુજરાત ક્વિઝ-૨૦૧૭ પ્રશ્નમંજુષા' નો આધાર રાખવાનો રહેશે. જે 'ગુજરાત ક્વીઝ-૨૦૧૭ પ્રારંભિક કીટ' સાથે કે તે પછી વિજેતાઓના ઉપયોગ માટે જ સંબધિત કચેરી તરફથી આપવામાં આવશે. તે સિવાય 'ગુજરાત ક્વિઝ-૨૦૧૭ પ્રશ્નમજુષા' ઓનલાઈન પણ ઉપલબ્ધ હશે.
17. દરેક કોલેજે પોતાની પસંદગી પામેલા વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓને યુનિવર્સિટીકક્ષાની સ્પર્ધા માટે મોકલતી વખતે તે સ્પર્ધકના ફોટોગ્રાફ સાથે સંપૂર્ણ વિગતોની ખરી કરીને આચાર્યના સહી –સિક્કા ધરાવતા ઓળખપત્ર સાથે સ્પર્ધકને મોકલવાના રહેશે.

18. કોલેજ કક્ષાએ પ્રથમ ત્રણમાં ના આવી શકયા હોય તેવા સ્પર્ધકો માટે સીધી એન્ટ્રી પણ શક્ય છે. આ અંગેની જન શાળાના /કોલેજેના દરેક વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીને કરવી.

આપની સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રોત્સાહન પૂરું પાડશો અને તે માટે સુવ્યવસ્થિત આયોજન દ્વારા આ કાર્યક્રમનો અમલ કરશો અને આ કાર્યક્રમ દ્વારા સિધ્ધ કરવાના હેતુઓને સાર્થક કરશો તેવી અપેક્ષા છે.

ઉક્ત સ્પર્ધામાં મહત્તમ સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.
ઉક્ત બાબતોને બહોળી પ્રસિદ્ધિ આપવા અને સ્પર્ધાનું યોગ્ય આયોજન ગોઠવાય તે મુજબ કાર્યવાહી કરવા વિનંતી .

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનીવર્સીટી
ગોધરા

બીડાણ :- ઉપર મુજબ

નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે

1. અગ્રસચિવશ્રી, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, બ્લોક નં ૫ ૭મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર
2. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, બ્લોક નં. ૨/૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. અધ્યક્ષશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
4. નિયામકશ્રી ગુજરાત રાજ્ય, પાઠય પુસ્તક મંડળ
5. અધ્યક્શ્રી રાજ્ય પરિક્ષા બોર્ડ

**સમયમર્યાદા**

અગત્યનું

ક્રમાંક:મઉમશબ/૨૦૧૭/
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.૨૧/૦૭/૨૦૧૭

પ્રતિ,

(૧) વાઈસ ચાન્સેલરશ્રી,
તમામ યુનિવર્સિટીઓ.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
તમામ.

(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
તમામ.

વિષય :- ગુજરાત ક્વીઝ – ૨૦૧૭ નું આયોજન કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સરકારશ્રી દ્વારા ઓગસ્ટ – સપ્ટેમ્બર માસ દરમ્યાન ગુજરાત ક્વીઝ – ૨૦૧૭ યોજવાનો નિર્ણય કરેલ છે. જેમાં આપણા ગુજરાત રાજ્ય પ્રત્યેની નિષ્ઠા, નિસ્બત અને ગૌરવનો અનોખો માપદંડ લઈને વિદ્યાર્થીઓમાં જાણકારી વધે, ગુજરાત વિશેના જ્ઞાનમાં વધારો થાય, રાજ્ય પ્રત્યે આદર વધે અને તંદુરસ્ત સ્પર્ધાનું વાતાવરણ બને તે હેતુથી વિશ્વ સ્તરની ગુજરાત કેન્દ્રીત ક્વીઝ કોમ્પીટીશન યોજવામાં આવશે. આ સ્પર્ધાના ઉદ્દેશ નીચે મુજબ છે.

- ગુજરાતની ઐતિહાસિક, સાંસ્કૃતિક, સાહિત્યિક, ભૌગોલિક, ઔદ્યોગિક અને શૈક્ષણિક ઓળખ સમાન વિશેષતાઓનો સાચો ચિતાર આપી જ્ઞાનની ક્ષિતિજો વિકસાવવી.
- ગુજરાતના ગૌરવ સમાન વ્યક્તિવિશેષો અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતી ગુજરાતી પ્રતિભાઓની ઓળખ દ્વારા આજના યુવાધનને પ્રેરણા પુરી પાડવી.
- ગુજરાતની નવી પેઢીમાં ગુજરાત પ્રત્યેની નિષ્ઠા, નિસ્બત અને ગૌરવનો પુનઃ સંચાર કરવો.
- સ્પર્ધાત્મક પરીક્ષા માટે સજ્જ અને સક્ષમ યુવાધનને પ્રોત્સાહન.
- ગુજરાતની વિશેષતાઓ અને વારસાની સાચી સમજ આપતી અભૂતપૂર્વ અને આધારભૂત પ્રશ્નબેંકનું સર્જન.

- તંદુરસ્ત અને સાર્થક સ્પર્ધાનું વાતાવરણ સર્જવું.
- શિક્ષણ જગત અને સમાજમાં જ્ઞાનના આદાન પ્રદાનને વેગ આપવો.
- અવિરત ચાલતા ગુજરાત જ્ઞાનયજ્ઞમાં સૌ ગુજરાતીઓની સક્રિય ભાગીદારી મેળવવી.

આ સ્પર્ધા ત્રણ વિભાગમાં યોજવામાં આવશે.

(૧) કિશોર – ધોરણ ૬ થી ૮

(૨) તરૂણ – ધોરણ ૯ થી ૧૨

(૩) યુવા – ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ (કોલેજો) પ્રથમથી અંતિમ વર્ષ સુધીના.

આ સ્પર્ધામાં પ્રાથમિક અને માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ચાર તબક્કા રહેશે.

પ્રથમ તબક્કો – શાળાની અનુકુળતા અનુસાર ૧૫ ઓગસ્ટથી ૨૩ ઓગસ્ટની વચ્ચે.(શાળા કક્ષાએ)

બીજો તબક્કો – ૧ સપ્ટેમ્બરથી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન (તાલુકા કક્ષાએ)

ત્રીજો તબક્કો – ૨૪ સપ્ટેમ્બરથી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન (જીલ્લા કક્ષાએ)

ચોથો તબક્કો – સપ્ટેમ્બરના અંતમાં. (રાજ્ય કક્ષાએ)

કોલેજના પ્રથમથી અંતિમ વર્ષ સુધીના વિદ્યાર્થીઓ માટે નીચે મુજબના ત્રણ તબક્કા રહેશે.

(૧) પ્રથમ તબક્કો - કોલેજના સ્તરે ( ૧૫ ઓગસ્ટથી ૨૩ ઓગસ્ટની વચ્ચે)

(૨) બીજો તબક્કો - યુનિવર્સિટી સ્તરે ( ૧ સપ્ટેમ્બરથી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન)

(૩) ત્રીજો અને ફાઇનલ તબક્કો - રાજ્ય સ્તરે (પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વિદ્યાર્થી ઓના સમય પત્રક મુજબ) (સપ્ટેમ્બરના અંતમાં)

આ સ્પર્ધા અંગેની પ્રશ્નોની યાદી પ્રશ્નબેંક પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની વેબસાઈટ, સર્વ શિક્ષા અભિયાન (SSA) ની વેબસાઈટ, નિયામકશ્રી શાળાઓની વેબસાઈટ, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળની વેબસાઈટ, KCG ની વેબસાઈટ, નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણ, નિયામકશ્રી ટેકનિકલ શિક્ષણની વેબસાઈટ, GCERT ની વેબસાઈટ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે, જેથી ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રશ્નોની તૈયારી કરીને તેમના જ્ઞાનની ચકાસણી કરી શાળા, કોલેજ યુનિવર્સિટી કક્ષાએથી લઈ રાજ્ય સ્તરે પ્રોત્સાહન મળે.

ઉક્ત સ્પર્ધામાં મહત્તમ સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

# ગુજરાત ક્વિઝ-૨૦૧૭

## સૂચનાઓ

1. ધોરણ -૬ થી ૮ ના બાળકો (કિશોર) સ્પર્ધાના રાજ્ય કક્ષાના નોડલ અધિકારી તરીકે પ્રાથમિક શિક્ષણ નિયામક રહેશે.
2. ધોરણ -૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ (તરૂણ) ની સ્પર્ધાના રાજ્ય કક્ષાના નોડલ અધિકારી તરીકે નિયામકશ્રી શાળાઓ રહેશે.
3. કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ માટે રાજ્ય કક્ષાના નોડલ અધિકારી તરીકે નિયામકશ્રી, ઉચ્ચશિક્ષણ [illegible], [illegible] રહેશે. દરેક નોડલ અધિકારીએ પોતાના વિભાગની જરૂરી માહિતી સંકલિત કરીને નિયામકશ્રી પાઠયપુસ્તક મંડળને આપવાની રહેશે.
4. તાલુકા કક્ષા સ્પર્ધાના નોડલ અધિકારી તરીકે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને મદદનીશ નોડલ અધિકારી તરીકે સંબંધિત બી.આર.સી. કૉ.ઓડિનેટર રહેશે.
5. જિલ્લા કક્ષાની સ્પર્ધાના નોડલ અધિકારી તરીકે જિલ્લા શિક્ષણાધિકારી અને મદદનીશ નોડલ અધિકારી તરીકે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી રહેશે.
6. કોલેજ કક્ષાએ એક પ્રાધ્યાપકને નોડલ અધિકારી તરીકે નીમવાના રહેશે.
7. યુનિવર્સિટી કક્ષાએ સંબંધિત યુનિવર્સિટીના રજીસ્ટ્રારએ નોડલ અધિકારી તરીકે કામગીરી કરવાની રહેશે.
8. રાજય કક્ષાની સ્પર્ધાના નોડલ અધિકારી તરીકે કાર્યવાહક સમિતિના અધ્યક્ષ અને સભ્ય સચિવ રહેશે.
9. દરેક પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા અને કોલેજના વિદ્યાર્થીઓનું ઓનલાઇન રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાનું રહેશે.
10. રજીસ્ટર્ડ થયેલ વિદ્યાર્થીઓ ઓનલાઇન આપેલ પ્રશ્ન બેંકનો અભ્યાસ કરી શકશે.
11. શાળા દીઠ ધોરણ ૬ થી ૮ માં પ્રત્યેક ધોરણમાં પ્રથમ આવેલ એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીની તાલુકા કક્ષાની સ્પર્ધામાં જશે તે જ બાબત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પડશે.ધોરણ ૯ થી ધોરણ ૧૦

અથવા ધોરણ ૧૨ સુધીનું પ્રતિ યુનિટ ચલાતું હોય તેમાં પ્રત્યેક ધોરણમાંથી એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીની ને તાલુકા કક્ષાની સ્પર્ધામાં મોકલવાના રહેશે.

12.જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન જિલ્લાશિક્ષણાધિકારીના નેતૃત્વમાં કરવામાં આવશે.જેમાં પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા એમ ત્રણેયનો સમાવેશ થશે.

13.જિલ્લા કક્ષાએ પ્રથમ આવેલ એક વિદ્યાર્થી અને વિદ્યાર્થીની રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

14.સાત મહાનગરપાલિકાઓને અલગ જિલ્લા તરીકે ગણવાની રહેશે. મહાનગરપાલિકાએ તેના ઝોનવાર સ્પર્ધાઓનું આયોજન કરવાનું રહેશે

અથવા ધોરણ ૧૨ સુધીનું પ્રતિ યુનિટ ચલાતું હોય તેમાં પ્રત્યેક ધોરણમાંથી એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીની ને તાલુકા કક્ષાની સ્પર્ધામાં મોકલવાના રહેશે.

12.જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન જિલ્લાશિક્ષણાધિકારીના નેતૃત્વમાં કરવામાં આવશે.જેમાં પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા એમ ત્રણેયનો સમાવેશ થશે.

13.જિલ્લા કક્ષાએ પ્રથમ આવેલ એક વિદ્યાર્થી અને વિદ્યાર્થીની રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

14.સાત મહાનગરપાલિકાઓને અલગ જિલ્લા તરીકે ગણવાની રહેશે. મહાનગરપાલિકાએ તેના ઝોનવાર સ્પર્ધાઓનું આયોજન કરવાનું રહેશે

# ગુજરાત ક્વિઝ-૨૦૧૭ : શાળાઓ / કોલેજોના સ્પર્ધકો માટે પ્રારંભિક માર્ગદર્શિકા

- આપની શાળા/કોલેજમાં નિયત કરેલી તારીખો દરમિયાન આ ક્વિઝ સ્પર્ધા યોજી ગુજરાત ક્વિઝ-૨૦૧૭ કાર્યક્રમની શરૂઆત કરવાની રહેશે.
- આપની શાળા/કોલેજના વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લે તે ઇચ્છનીય છે. આપની સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રોત્સાહન પૂરું પાડશો અને તે માટે કોઈએક શિક્ષકને જવાબદારી સોંપશો.
- આપની સંસ્થામાં આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જે શિક્ષકને/અધ્યાપકને જવાબદારી સોંપવામાં આવી હોય તેનું રજીસ્ટ્રેશન www.gujaratquiz.in વેબસાઈટ પર પાંચમી ઓગસ્ટથી દસમી ઓગસ્ટ, ૨૦૧૭ દરમિયાન કરવાનું રહેશે.
- શાળા/કોલેજ કક્ષાએ યોજાનારી ગુજરાત ક્વિઝ-૨૦૧૭ માટે ૧૫ ઓગસ્ટથી ૨૩ ઓગસ્ટ, ૨૦૧૭ સુધીનો સમય નક્કી કરવામાં આવ્યો છે. શાળાના/કોલેજના દરેક વિદ્યાર્થી / વિદ્યાર્થીની આ સ્પર્ધામાં ભાગ લે તેવો સંનિષ્ઠ પ્રયાસ કરવો. અને ભાગ લેનાર દરેક વિદ્યાર્થી / વિદ્યાર્થીનીનું રજીસ્ટ્રેશન www.gujaratquiz.in વેબસાઈટ પર ૧૫ ઓગસ્ટ, ૨૦૧૭થી ૩૦ ઓગસ્ટ, ૨૦૧૭ દરમિયાન કરવું.
- શાળાના/કોલેજના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા અને આ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા વચ્ચે ટકાવારી મુજબ સૌથી ઓછો તફાવત ધરાવતી શાળાઓની/કોલેજોની વિશેષ નોંધ લેવાની સાથે પ્રશંસાપત્ર પાઠવવામાં આવશે.
- ૮ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ, ૨૦૧૭ સુધીમાં દરેક શાળામાં અને કોલેજમાં 'ગુજરાત ક્વીઝ-૨૦૧૭ પ્રવેશિકા'ની નિયત કરેલી નકલો સહીત 'ગુજરાત ક્વિઝ-૨૦૧૭ પ્રારંભિક કિટ' પહોંચશે.
- આ ક્વિઝમાં ભાગ લેવા માટે દરેક વિદ્યાર્થી પુસ્તક, કે ઑનલાઈન સ્વરૂપે ઉપલબ્ધ ગુજરાત ક્વિઝ-૨૦૧૭ પ્રવેશિકાનો આધાર રાખશે.
- આપની શાળામાં ધોરણ 6થી 8 અને ધોરણ 9થી 12 – આ બે

વિભાગ પૈકી પ્રત્યેક વિભાગના શ્રેષ્ઠ છ (ત્રણ વિદ્યાર્થી અને ત્રણ વિદ્યાર્થીની)ની પસંદગી કરવા માટે જે-તે વિભાગના બધા જ ધોરણને સાંકળતી ઈન્ટરક્લાસ ક્વિઝ રમાડવી. આ બાબત કોલેજના પ્રથમ થી તૃતીય વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને લાગુ પણ પડે છે પ્રત્યેક કોલેજમાંથી વર્ષવાર એક લેખે ત્રણ વિદ્યાર્થી અને ત્રણ વિદ્યાર્થીનીએ યુનિવર્સિટી કક્ષાએ ભાગ લેવાનો રહેશે.

- ક્વિઝનું ફોર્મેટ, ક્વિઝના પ્રશ્નો, મૂલ્યાંકનની પદ્ધતિ અને અંતે પસંદગીની પ્રક્રિયા અંગે આપને મળેલી 'ગુજરાત ક્વિઝ-૨૦૧૭ પ્રારંભિક કિટ' અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવશે.
- wwwwww.gujaratquiz.in વેબસાઈટ પરથી પણ આ અંગેનું માર્ગદર્શન મળી રહેશે.
- શાળા/કોલેજ સ્પર્ધાના અંતે વિજેતા બનેલા જે-તે વિભાગના ત્રણ વિદ્યાર્થીઓ અને ત્રણ વિદ્યાર્થીનીઓનું રજીસ્ટ્રેશન www.gujaratquiz.in વેબસાઈટ પર સ્પર્ધા પૂર્ણ થયાના મહત્તમ બે દિવસમાં કરી લેવું. આ રજીસ્ટ્રેશન કરવા માટે ૨૫ ઓગસ્ટ, ૨૦૧૭ છેલ્લી તારીખ ગણાશે.
- તાલુકા કક્ષાની/યુનિવર્સિટી કક્ષાથી સ્પર્ધા માટેના સંપૂર્ણ આયોજનની પ્રક્રિયા ૨૬ ઓગસ્ટથી શરૂ થવાની હોઈ તમારી શાળાનું/કોલેજનું પ્રતિનિધિત્વ કરનારા વિજેતા વિદ્યાર્થીઓ /વિદ્યાર્થીનીઓના નામ ૨૫ ઓગસ્ટ, ૨૦૧૭ પછી સ્વીકારવામાં આવશે નહિ, તેની નોંધ લેવી.
- ઓનલાઈન એન્ટ્રી કરવામાં મુશ્કેલી પડે તેવા સંજોગોમાં www.gujaratquiz.in પર ઉપલબ્ધ સૂચનાનું પાલન કરવાનું રહેશે.
- 'ગુજરાત ક્વિઝ-૨૦૧૭ પ્રારંભિક કિટ'માં આપવામાં આવેલા શાળા/કોલેજ સ્પર્ધાના વિજેતાઓ માટેના સર્ટીફીકેટ જે-તે વિદ્યાર્થીને શાળાના/કોલેજના આચાર્યશ્રીની સહી સાથે સમૂહ પ્રાર્થના કે સૌ વિદ્યાર્થીઓ હાજર હોય તેવા કાર્યક્રમ સાથે સાંકળીને એનાયત કરવા. જેથી વિજેતા વિદ્યાર્થીઓને ગૌરવની લાગણી થાય અને અન્ય વિદ્યાર્થીઓને પ્રેરણા મળે.

- પોતાની શાળાના/કોલેજના પસંદગી પામેલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીને તાલુકા કક્ષાની/યુનિવર્સિટીકક્ષાની સ્પર્ધા માટે તૈયાર કરવા એક શિક્ષકને જવાબદારી સોંપવી.
- જે વિદ્યાર્થી/વિદ્યાર્થીની શાળા કક્ષાથી આગળ વધીને તાલુકા કક્ષાના /યુનિવર્સિટી કક્ષાના/જીલ્લા કક્ષાના/રાજ્ય કક્ષાના વિજેતા બનશે તેમના માર્ગદર્શક શિક્ષકની વિશેષ નોંધ લેવાની સાથે યોગ્ય સન્માન કરવામાં આવશે.
- તાલુકા કક્ષાની/યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધાની તૈયારી માટે દરેક સ્પર્ધકે 'ગુજરાત ક્વિઝ-૨૦૧૭ પ્રશ્નમંજૂષા'નો આધાર રાખવાનો રહેશે. જે 'ગુજરાત ક્વિઝ-૨૦૧૭ પ્રારંભિક કિટ' સાથે કે તે પછી વિજેતાઓના ઉપયોગ માટે જ સંબંધિત કચેરી તરફથી આપવામાં આવશે. તે સિવાય 'ગુજરાત ક્વિઝ-૨૦૧૭ પ્રશ્નમંજૂષા' ઑનલાઇન પણ ઉપલબ્ધ હશે.
- દરેક શાળાએ/કોલેજે પોતાની શાળાના પસંદગી પામેલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીને તાલુકા કક્ષાની/યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધા માટે મોકલતી વખતે તે સ્પર્ધકના ફોટોગ્રાફ સાથે સંપૂર્ણ વિગતોની ખરાઇ કરીને આચાર્યના સહી-સિક્કા ધરાવતા ઓળખપત્ર સાથે સ્પર્ધકને મોકલવાના રહેશે.
- શાળા કક્ષાએ/કોલેજ કક્ષાએ પ્રથમ ત્રણમાં ના આવી શક્યા હોય તેવા સ્પર્ધકો માટે સીધી એન્ટ્રી પણ શક્ય છે. માન્ય શાળાનો કોઈપણ વિદ્યાર્થી આ માટેની ખાસ ઓનલાઈન સ્પર્ધામાં ભાગ લઇ શકાશે અને સમગ્ર રાજ્યમાં સૌથી વધુ સ્કોર કરનારા પ્રથમ ૧૦૦૦૦ વિદ્યાર્થીઓ અને પ્રથમ ૧૦૦૦૦ વિદ્યાર્થીનીઓ તાલુકા કક્ષાએ સીધી જ એન્ટ્રી લઇ શકશે. આ અંગેની જાણ શાળાના/કોલેજના દરેક વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને કરવી.

આપની સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રોત્સાહન પૂરૂં પાડશો અને તે માટે સુવ્યવસ્થિત આયોજન દ્વારા આ કાર્યક્રમનો અમલ કરશો અને આ કાર્યક્રમ દ્વારા સિધ્ધ કરવાના હેતુઓને સાર્થક કરશો તેવી અપેક્ષા છે.

ઉક્ત સ્પર્ધામાં મહત્તમ સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

ઉક્ત બાબતને બહોળી પ્રસિદ્ધિ આપવા અને સ્પર્ધાનું યોગ્ય આયોજન ગોઠવાય તે મુજબ કાર્યવાહી કરવા વિનંતી.

આ બાબતે સૂચનાઓ આ સાથેના બિડાણમાં આપેલ છે, તે ધ્યાને લેવા વિનંતી.

(સુનયના તોમર)
અગ્રસચિવ શિક્ષણ

(અંજુ શર્મા)
અગ્રસચિવ
ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ

બિડાણ :- ઉપર મુજબ

<u>નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે</u>

(૧) અગ્રસચિવશ્રી શિક્ષણ
(૨) અગ્રસચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ
(૩) અધ્યક્ષશ્રી ગુ.મા. અને, ઉ.મા. શિ. બોર્ડ
(૪) નિયામકશ્રી શાળાઓ
(૫) નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણ
(૬) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ
(૭) નિયામકશ્રી ગુજ. રાજ્ય, પાઠય પુસ્તક મંડળ
(૮) અધ્યક્ષશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડ
(૯) શ્રી પી.આર.પટેલ, ખા.ફ.અ, કે.સી.જી, અમદાવાદ.